અપીલ અરજી નં.૨૩૧ તા.૨૨–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકાર
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકારની તા.૨૧–૧૦–૧૦ની અરજીથી લીંબાયત ઝોનમાં સીવિક સેન્ટરની અંદર જે મશીન બંધ પડેલ છે તેની વિશે આપના કર્મચારીઓને જાણકારી નથી કેમ તે બદલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૧/૨૦૧૦–૧૧

શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકારની તા.૨૧–૧૦–૧૦ની અરજીથી લીંબાયત ઝોનમાં સિવિક સેન્ટરની અંદર જે મશીન બંધ પડેલ છે તેની વિશે આપના કર્મચારીઓને જાણકારી નથી કેમ તે બદલ માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં કલમ ૭(૧) ની દિન–૩૦ ની જોગવાઈ સહ માહિતી પુરી પાડેલ હોય તો તેની નકલ મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૩ તા.૨–૧૧–૧૦થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજી તા.૨૧–૧૦–૧૦ ની અરજી અંગે તુર્તજ અપીલ કરેલ જણાય છે. મુળ અરજીની નકલ તથા ફી ની વિગત સહ વિગતો રજુ કરેલ નથી. તેમજ પાછલી અરજીઓ સમય મર્યાદા બહાર થયેલ હોય જે અંગે વિલંબ અને વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૯૯૩ તા.૧૯–૧૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની નમુના–જ માં માહિતી માંગતી અરજીની નકલ સાથે તા.૨૧–૧૦–૧૦ ની મ્યુ. કમિ. સેન્ટ્રલઝોન અને ઝોનલ ઓફિસર લીંબાયતને માહિતી માંગતી અરજીની નકલ, લીંબાયતઝોન તરફથી સદર અરજી નમુના –જ માં કરેલ હોઈ સા.ઈ.ઝોન/મેહકમ/આ.નં.૨૮૩૪ તા.૨૬–૧૦–૧૦ થી અપીલની કાર્યવાહી અંગે પાઠવેલ પત્રની નકલ તથા સા.ઈ.ઝોન/લીંબાયત/આરટીઆઈ/આ.નં.૨૯૫૯ તા.૧૫–૧૧–૧૦ થી અરજી તબદીલી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૧–૧૦–૧૦ ની નમુના–જ માં અરજી સાથે તા.૨૧–૧૦–૧૦ ની અરજીની જોડાણ કોપી મ્યુ. કમિ. સેન્ટ્રલઝોન અને ઝોનલ ઓફિસર લીંબાયતઝોનને સંબોધતી અરજી લીંબાયતઝોન ખાતે આપવામાં આપેલ. જે રસીદ નં.૮૮૯૦ તા.૨૧–૧૦–૧૦ થી રૂા.૨૦/– નમુના –જ ની અપીલ અરજીથી ભરેલ છે. આમ અરજદારે નમુના–ક માં માહિતી માંગતી અરજી કરવાની જગ્યાએ સીધી અપીલ અરજી કરી રૂા.૨૦/– ભરપાઈ કરેલ છે. જે નમુના–જ માં તેમજ મ્યુ. કમિ. અપીલ અધિકારી તેવા સંબંધી સાથે કરેલ હોવાથી તેઓ તરફથી અપીલ અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અંગે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી તેમજ અરજદારને અપીલ બાબતે પૂર્તતા માંગતા પત્ર અત્રેથી આરટીઆઈ સેલ/૮૯૩ તા.૨–૧૧–૧૦ થી બંને પક્ષકારોને પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગતો તેમજ પાછલી અરજીઓની સમય મર્યાદા બહાર થયેલ હોઈ જે અંગે વિલંબ અને વાજબીપણું રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પૂરક વિગતોમાં મજકુર અરજદારની ઉપરોકત વિષયવાળી ઉપરોકત સંદર્ભ–૧ માં જણાવ્યા મુજબની પાના નંગ–૨૦ ના બિડાણવાળી અરજી અત્રેના જાહેર માહિતી અધિકારીશ્રીને નમુનો 'ક' માં જાહેર માહિતી અધિકારીને સંબોધીને કરવાને બદલે અપીલ સત્તાધિકારીશ્રીને સંબોધીને નમુનો 'જ' પર કરવામાં આવેલ છે.જેમાં તા.૨૧–૧૦–૧૦ ની અરજી બાબતે રસીદ નં.૮૮૯૦ તા.૨૧–૧૦–૧૦ થી નાણા ભર્યા છે તે અંગે આરટીઆઈ હેઠળ કાર્યવાહી કરવાની રહે છે. જે મુજબ અરજદારને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન સા.ઈ.ઝોન/મહેકમ/૩૦૫૦ તા. ૨૫–૧૧–૧૦ થી તેમજ ઈ.ચા. ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી તરફથી આઈએસડી/ઓડી નં.૪ તા.૨૪–૧૧–૧૦ થી કિયોસ્ક મશીન અંગેની માંગેલ માહિતી આપવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીની વિગતે માહિતી માંગતી અરજી કરેલ છે. જે અંગેઆરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે ત્યારે દિન–૩૦ ની અવધિમાં તથા મળેલ માહિતિના કિસ્સામાં માહિતી મળ્યા તારીખથી દિન–૩૦ ની અવધિમાં નારાજગીની વિગતો સહ પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે.આમ અરજદારે અપીલનું કોઈ કારણ ઉત્પન થયેલ ન હોવા છતાં અપીલ અરજી કરેલ છે તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગેની અરજી અપીલની પ્રકારમાં કરેલ છે. પરંતુ તે પૂર્વે મુળ અરજી કર્યાના કોઈ આધાર પુરાવા રજૂ કરેલ ન હોઈ આ અપીલ તબકકે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ અપીલનું કોઈ કારણ ઉત્પન થતું ન હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકાર,